# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર – 2017

| | | | |
|---|---|---|---|
| **અભ્યાસક્રમ** | **: બેચલર ઓફ એજ્યુકેશન** | **નોંધણી નંબર :**__________ | |
| **પાઠ્યક્રમ** | **: ES-331** | | |
| **વિષય** | **: અભ્યાસક્રમ અને અધ્યાપન** | | |
| **તારીખ** | **: 26/12/2017** | | |
| **સમય** | **: 11.00 to 02.00** | **કુલ ગુણ : 100** | |

પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના આશરે ૪00 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) **(48)**

1. અભ્યાસક્રમના મુખ્ય અભિગમો જણાવી અભ્યાસક્રમના વિકાસના પાસાંઓની સ્પષ્ટતા કરો.
2. તંત્ર અભિગમની સંકલ્પના સ્પષ્ટ કરી અનુદેશાત્મક તંત્રના રચયિતાએ કયા તબક્કાઓમાંથી પસાર થવું પડે છે તેની વિગતે ચર્ચા કરો.
3. પ્રોજેક્ટ કાર્યના ધ્યેયો જણાવી પ્રોજેક્ટ કાર્યના પ્રકારની સ્પષ્ટતા કરી પ્રોજેક્ટ કાર્યનું આયોજન કેવી રીતે કરશો તેની ચર્ચા કરો.
4. અધ્યાપન આયોજનનાં પગલાં જણાવી શિક્ષક આયોજક તરીકેની ભૂમિકા સ્પષ્ટ કરો.
5. અધ્યાપન ક્ષમતા અને કૌશલ્યનો અર્થ સ્પષ્ટ કરી કૌશલ્યોનું વર્ગીકરણ કરી અધ્યાપન કૌશલ્યોનું પ્રશિક્ષણ કેવી રીતે આપશો તેની ચર્ચા કરો.
6. શૈક્ષણિક માધ્યમોનું વર્ગીકરણ કરી વૈયક્તિક ઉપકરણો તરીકે અભિક્રમિત અધ્યયન સામગ્રી અને કમ્પ્યૂટર આધારિત શિક્ષણની વિગતે ચર્ચા કરો.

પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના આશરે 400 શબ્દોમાં જવાબ આપો. (છ માંથી ચાર) **(24)**

1. અભ્યાસક્રમની સંકલ્પના સ્પષ્ટ કરી અસરકારક અભ્યાસક્રમના ચાર અગત્યના આધારો જણાવો.
2. અભ્યાસક્રમ વિકાસની પ્રક્રિયાને અસર કરતાં સામાજિક અને સરકારી બળોની ચર્ચા કરો.
3. સંશાધન કેન્દ્રમાં કયા પ્રકારના સંશાધનો ઉપલબ્ધ હોય છે? તેમને ટૂંકમાં વર્ણવો.
4. અનુદેશાત્મક હેતુઓ અને વર્તનમૂલક હેતુઓની સંકલ્પના સ્પષ્ટ કરી બંને વચ્ચેનો ભેદ સમજાવો.
5. જૂથ શિક્ષણના લક્ષણો જણાવી જૂથ શિક્ષણના ફાયદા અને ગેરફાયદાની ચર્ચા કરો.
6. વિકાસાત્મક મૂલ્યાંકન એટલે શું ? પ્રક્રિયા મૂલ્યાંકન અને નીપજ મૂલ્યાંકન વચ્ચે શો તફાવત છે ?

પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દશ માંથી આઠ) **(16)**

1. અભ્યાસક્રમની સંકલ્પના સ્પષ્ટ કરો.
2. વિદ્યાશાખા એટલે શું ? વિદ્યા શાખાનું માળખું સ્પષ્ટ કરો.
3. સમગ્ર અને સૂક્ષ્મ કક્ષાએ અભ્યાસક્રમની પુનઃ રચના એટલે શું ?
4. માનાંક સંદર્ભ કસોટીઓ અને મૂલક સંદર્ભ કસોટીઓ વચ્ચેનો ભેદ સમજાવો.
5. વર્ગખંડ પ્રબંધ અને વર્ગ શિસ્ત વચ્ચે ભેદ સમજાવો.
6. સંશાધન કેન્દ્રમાં શિક્ષકની અગત્યની ભૂમિકા દર્શાવો.
7. વ્યાખ્યાન કૌશલના તત્વો જણાવો.

8. જૂથ પ્રોજેક્ટ અને જૂથ તપાસ વચ્ચેનો તફાવત દર્શાવો.
9. ભવિષ્યમાં અભ્યાસક્રમમાં આવનાર ત્રણ પ્રકારો જણાવો.
10. શિક્ષકોએ સંખ્યાબંધ અધ્યાપન પદ્ધતિઓ ઉપર શા માટે આધાર રાખવો પડે છે.?

પ્રશ્ન-4 નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. **(12)**

1. અધ્યેતાકેન્દ્રી અભિગમ એટલે શું ?
2. અભ્યાસક્રમ મૂલવણીના ઉદ્દેશ કયા છે ?
3. કયા સંજોગોમાં એકમ કસોટીની માહિતી અંતિમ કસોટીની માહિતીથી જુદી પડે છે ?
4. બોધાત્મક માળખામાં પરિવર્તન કોના ઉપર આધાર રાખે છે ?
5. અભિક્રમિત અધ્યયન સામગ્રી વિકસાવવાના મુખ્ય ત્રણ તબક્કા કયા છે ?
6. વ્યક્તિનિષ્ઠ અનુદેશ પદ્ધતિ (PST) તરીકે કઈ પદ્ધતિ ન વાપરવી જોઈએ ?
7. પ્રોજેક્ટ કાર્યના ત્રણ ધ્યેયો જણાવો.
8. અભ્યાસક્રમ પ્રક્રિયાનો અભ્યાસ શિક્ષકને કઈ રીતે મદદરૂપ બને ?
9. વૈશ્વિક યથાર્થદર્શન પૂરું પડે તેવા ધ્યેયો કયા છે ?
10. અભ્યાસક્રમ વિકાસની પ્રક્રિયામાં મૂલ્યાંકન ખૂબ જ અગત્યનું હોવા છતાં તેનો અમલ નહીં થવાના બે કારણો આપો.
11. નિદર્શન મૂલ્યાંકનના બે માપદંડો કયા છે ?
12. વર્ગ સંચાલનને પ્રભાવિત કરતાં પરિબળો કયા છે ?

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર – 2017

| | | | |
|---|---|---|---|
| અભ્યાસક્રમ | : બેચલર ઓફ એજ્યુકેશન | નોંધણી નંબર : |  |
| પાઠ્યક્રમ | : ES-332 | | |
| વિષય | : અધ્યાપન અને વિકાસનું મનોવિજ્ઞાન | | |
| તારીખ | : 27/12/2017 | | |
| સમય | : 11.00 to 02.00 | કુલ ગુણ : 100 | |

---

પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના આશરે 800 શબ્દોમાં જવાબ આપો. (છ માંથી ચાર) **(48)**

1. વૃદ્ધિ અને વિકાસની સંકલ્પના આપી વિકાસના તબક્કાઓ વિસ્તારથી સમજાવો.
2. શારીરિક અને સામાજિક- સાંવેગિક (ભાવાત્મક) વિકાસની બાબતો સવિસ્તાર ચર્ચો.
3. બુદ્ધિની સંકલ્પના સ્પષ્ટ કરી ગિલ્ફર્ડ અને સ્ટર્નબર્ગે આપેલ બુદ્ધિના મોડેલો વિસ્તારથી સમજાવો.
4. પ્રેરણની સંકલ્પના અને સ્વરૂપનો ખ્યાલ આપી મેસ્લોનો જરૂરિયાતલક્ષી સિદ્ધાંત અને સિદ્ધિપ્રેરણાના સિદ્ધાંતની વિસ્તૃત ચર્ચા કરો.
5. અધ્યયનની સંકલ્પના સ્પષ્ટ કરી અધ્યયનના ગુણધર્મો અને સિદ્ધાંતોની વિસ્તૃત ચર્ચા કરો.
6. અનુકૂલનનો અર્થ આપી સુસમાયોજિત અને અપાનુકુલિત વ્યક્તિના લક્ષણો વિસ્તારથી સમજાવો.

પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના આશરે 400 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) **(24)**

1. જ્ઞાનાત્મક વિકાસની પિયાજેએ આપેલ સંકલ્પના અને બૌદ્ધિક વિકાસના તબક્કાઓ ચર્ચો.
2. જાતિભેદ સંબધિત સમસ્યાઓનું સ્વરૂપ અને શિક્ષક માટેના ફલિતાર્થોની ચર્ચા કરો.
3. અધ્યાપન પ્રત્યેના માનવતાવાદી અભિગમની વિભાવના અને ગુણધર્મોની ચર્ચા કરો.
4. અધ્યયનના જ્ઞાનાત્મક ક્ષેત્રની ચર્ચા કરો.
5. સામાજિક અનુકૂલન અને આંતરવૈયક્તિક સંબંધ સમજાવો.
6. પ્રતિભાશાળી બાળકોનાં લક્ષણો ચર્ચો.

પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દસમાંથી આઠ) **(16)**

1. વ્યક્તિત્વની સંકલ્પના સમજાવો.
2. વિકેન્દ્રિત ચિંતનની સંકલ્પના સમજાવો.
3. સિદ્ધિ પ્રેરણા એટલે શું ?
4. વૈયક્તિક ભિન્નતા પર મુખ્ય કયા પરિબળો અસર કરે છે ?
5. સામાજિક અનુકૂલનના માપદંડ જણાવો.
6. હકારાત્મક વલણ એટલે શું ?
7. સમાયોજન એટલે શું ?
8. ભાવાત્મક ક્ષેત્રમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

9. માર્ગદર્શનની સંકલ્પના આપો.
10. સલાહના મુખ્ય પ્રકાર જણાવો.

પ્રશ્ન-4 નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. **(12)**

1. કિશોરાવસ્થાનો સમયગાળો કેટલા વર્ષ સુધીનો છે ?
2. નિમ્ન પ્રાથમિક સમયગાળા દરમિયાન બાળકોનો શારીરિક વિકાસ ધીમો કે ઝડપી હોય છે ?
3. વિદ્યાર્થીઓમાં સમાજ ઇચ્છનિય વલણો કેળવવાનું શ્રેષ્ઠ સ્થાન કયું છે ?
4. બુદ્ધિઆંક શોધવાનું સૂત્ર લખો.
5. પ્રત્યેક માનવકોષમાં રંગસૂત્રોની કેટલી જોડી હોય છે ?
6. અધ્યેતાને સિદ્ધિ મેળવવા માટે દોરતું ચાલકબળ કયું છે ?
7. અધ્યયનમાં તત્પરતાનો નિયમ કોણે આપ્યો છે ?
8. સ્મૃતિ પ્રક્રિયામાં કેટલાં ભાગ હોય છે ?
9. પિયાજેના બોધાત્મક વિકાસના સિદ્ધાંતમાં ઔપચારિક કાર્યોનો તબક્કો ક્યારે શરૂ થાય છે ?
10. પરીક્ષામાં ઓછા માર્ક્સ પ્રાપ્ત કરતા વિદ્યાર્થી શિક્ષકનો દોષ કાઢે છે. આ કયા પ્રકારની બચાવપ્રયુક્તિ છે ?
11. દ્રષ્ટિની ખામીવાળા બાળકોને વાંચવા માટે કઈ લિપિ ઉપયોગી છે ?
12. બિન દિશાસૂચક સલાહ બીજા કયા નામે ઓળખાય છે ?

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર - 2017

**અભ્યાસક્રમ : બેચલર ઓફ એજ્યુકેશન** **નોંધણી નંબર :____________**

**પાઠ્યક્રમ : ES-333**

**વિષય : શૈક્ષણિક મૂલ્યાંકન**

**તારીખ : 28/12/2017**

**સમય : 11.00 to 02.00** **કુલ ગુણ : 100**

---

પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના આશરે ૪00 શબ્દોમાં જવાબ આપો. (છ માંથી ચાર) **(48)**

1. મૂલ્યાંકન એટલે શું? સારા મૂલ્યાંકનના લક્ષણો વિગતે સમજાવો.
2. અનાત્મલક્ષી કસોટીના લાભ જણાવી તેનું સંચાલન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો સમજાવો.
3. યથાર્થતાનો અર્થ જણાવી તેને અસર કરતાં પરિબળોની ચર્ચા કરો.
4. નીચેના આવૃત્તિ વિતરણ માટે મધ્યક શોધો.

| વર્ગ | 40-44 | 45-49 | 50-54 | 55-59 | 60-64 | 65-69 | 70-74 | 75-79 | 80-84 | 85-89 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આવૃત્તિ | 3 | 4 | 6 | 8 | 9 | 11 | 8 | 6 | 3 | 2 |

5. અધ્યન અંગે ગેનેના મંતવ્યો સમજાવો.
6. ક્રમ માપદંડના પ્રકાર જણાવી તેના લાભાલાભ સમજાવો.

પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના આશરે 400 શબ્દોમાં જવાબ આપો. (છ માંથી ચાર) **(24)**

1. શૈક્ષણિક નિદાનનું મહત્વ સમજાવો.
2. મધ્યસ્થ શોધો. 40,18,32,8,24,45
3. માનાંક સંદર્ભ મૂલ્યાંકન અને મૂલક સંદર્ભ મૂલ્યાંકન વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
4. અવલોકનની સંકલ્પના અને પ્રકાર જણાવી અવલોકનના નિષ્કર્ષોનું અર્થઘટન કઈ રીતે કરશો તે સમજાવો.
5. શિક્ષણ રચિત કસોટી અને પ્રમાણિત કસોટીની તુલના સમજાવો.
6. સહસંબંધ એટલે શું? તેના પ્રકાર સમજાવો.

પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દશ માંથી આઠ) **(16)**

1. અધ્યયનની ખામીઓ દૂર કરવામાં નિદાન કસોટીની ભૂમિકા સ્પષ્ટ કરો.
2. પ્રમાણિત વિચલનની સંકલ્પના સ્પષ્ટ કરો.
3. પરીક્ષણના હેતુઓ જણાવો.
4. સ્વાધ્યાયના પ્રકાર જણાવો.
5. આંકડાશાસ્ત્રની જરૂરિયાત સ્પષ્ટ કરો.

6. માપનનો અર્થ ઉદાહરણ દ્વારા સમજાવો.
7. કઠિનતા સ્તરનું સૂત્ર સમજાવો.
8. નિદાન કસોટીનો અર્થ સમજાવો.
9. માહિતીની આલેખાત્મક રજૂઆતના પ્રકારોના નામ જણાવો.
10. સંરચનાત્મક મૂલ્યાંકન એટલે શું?

પ્રશ્ન-4 નીચે આપેલ હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. **(12)**

**1.** પરીક્ષણ અર્થ જણાવો.
**2.** RIBT નું પૂરું નામ જણાવો.
**3.** પ્રશ્નબેંક એટલે શું?
**4.** બ્લૂમના ત્રણ ક્ષેત્રોના નામ જણાવો.
**5.** ભેદપરખ સામર્થ્યનું સૂત્ર જણાવો.
**6.** ઉપચાર કોને કહેવાય?
**7.** સતત મૂલ્યાંકન એટલે શું?
**8.** ધન વિષમતા કોને કહેવાય?
**9.** શિક્ષક રચિત સાધનો કોને કહેવાય?
**10.** મધ્યક 46.47 અને મધ્યસ્થ 46.5 હોય બહુલક શોધો.
**11.** પ્રસંગનોંધનો અર્થ જણાવો.
**12.** શતાંશસ્થનું સૂત્ર જણાવો.

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર – 2017

**અભ્યાસક્રમ : બેચલર ઓફ એજ્યુકેશન** **નોંધણી નંબર :____________**

**પાઠ્યક્રમ : ES-334**

**વિષય : શિક્ષણ અને સમાજ**

**તારીખ : 01/01/2018**

**સમય : 11.00 to 02.00** **કુલ ગુણ : 100**

---

**પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના આશરે 800 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) (48)**

1. ભારતીય લોકશાહીના સિદ્ધાંતો સમજાવો.
2. અપવ્યય અને સ્થગિતતા થવા માટેના કારણો સમજાવો.
3. રાષ્ટ્રીય વિકાસમાં શિક્ષકની સક્રિય ભૂમિકા કેવી હોઈ શકે? ઉદાહરણ આપી સમજાવો.
4. કોઠારી કમિશને સૂચવેલી 10+2+3 ની નવી તરાહ અને જૂની તરાહની તુલના કરો.
5. ભારતીય સામાજિક માળખાના મુખ્ય પાસા સમજાવો.
6. શિક્ષણમાં અસમાનતાના પરિણામો જણાવો.

**પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના આશરે 400 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) (24)**

1. શિક્ષણની પ્રક્રિયા એકધ્રુવી, દ્વિધ્રુવી અને ત્રિધ્રુવી છે - સમજાવો.
2. નિસર્ગવાદ અને પ્રયોજનવાદ વચ્ચેનો તફાવત જણાવો.
3. ભારતીય શાળાઓ લોકશાહી અસ્તિત્વ માટે વિદ્યાર્થીઓમાં કયાં ગુણોનો વિકાસ કરે છે?
4. ઔપચારિક કેળવણી અને અનૌપચારિક કેળવણીનો તફાવત જણાવો.
5. શિક્ષણ પ્રણાલીમાં વિવિધ પ્રકારની શાળાઓ અસ્તિત્વમાં આવી તે શાળાના પ્રકારો વિગતવાર સમજાવો.
6. સમૂહ માધ્યમોની સમાજ અને શિક્ષણ પરની અસરો સમજાવો.

**પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દસમાંથી આઠ) (16)**

1. ઓપરેશન બ્લેકબોર્ડ યોજના એટલે શું? અને તે શા માટે ઘડવામાં આવી હતી?
2. મેકોલે એ અપનાવેલ નિસ્યંદન સિદ્ધાંત સમજાવો.
3. સ્થગિતતાનો અંક નિર્ધારિત કરવાનું સૂત્ર લખો.
4. ઘર અને શાળા બંને વચ્ચેનો સંબંધ કેવો હોવો જોઈએ?
5. આદર્શવાદી વિચારસરણીમાં શિક્ષક ભૂમિકા સ્પષ્ટ કરો.
6. બાળકના વ્યક્તિત્વના ઘડતરમાં માતાની ભૂમિકા કેમ સૌથી વધુ મહત્વની છે?
7. આદિ શંકરાચાર્ય અને શ્રી વિવેકાનંદનાં માટે શિક્ષણની વ્યાખ્યા લખો.
8. શિક્ષણની પ્રક્રિયાના મહત્વના ઘટકો કયાં છે? સમજાવો.

9. કાર્યાનુભવની સંકલ્પના સ્પષ્ટ કરો.
10. આદર્શવાદનાં માટે અભ્યાસક્રમ કેવો હોવો જોઈએ?

**પ્રશ્ન-4 નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો.** **(12)**

1. વૂડનાં ખરીતાને શિક્ષણનો મહાન દસ્તાવેજ શા માટે ગણવામાં આવે છે?
2. ભારતીય બંધારણની કઈ કલમ મફત અને ફરજીયાત કેળવણી આપવાની હિમાયત કરે છે?
3. સમાન શૈક્ષણિક તકની સંકલ્પના સ્પષ્ટ કરો.
4. સ્વ-નિર્ભર શિક્ષણ સંસ્થાનાં બે ફાયદા જણાવો.
5. સર્વગ્રાહી મૂલ્યાંકનની સંકલ્પના સમજાવો.
6. CIETનું પૂરું નામ આપો.
7. નવોદય વિદ્યાલયની સંકલ્પના લખો.
8. પ્રાચીન સમયમાં ભારતમાં શિક્ષકનો મોભો કેવો હતો ?
9. 1986 ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિની બે સમસ્યાઓ સમજાવો.
10. સ્થગિતતાની વ્યાખ્યા લખો.
11. ભારતીય બંધારણની કઈ કલમ કોઈ પણ પ્રકારના ભેદભાવ પર પ્રતિબંધ ફરમાવે છે?
12. DIETનું પૂરું નામ આપો.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર – 2017

| | | | |
|---|---|---|---|
| **અભ્યાસક્રમ** | **: બેચલર ઓફ એજ્યુકેશન** | **નોંધણી નંબર :** | ____________ |
| **પાઠ્યક્રમ** | **: ES-335** | | |
| **વિષય** | **: શિક્ષક અને શાળા** | | |
| **તારીખ** | **: 02/01/2018** | | |
| **સમય** | **: 11.00 to 02.00** | **કુલ ગુણ : 100** | |

---

**પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના આશરે 800 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર)** **(48)**

1. રાજય કક્ષાએ શાળાશિક્ષણનું પ્રશાસન માળખું જણાવી શાળાનાં શિક્ષણ માટે કેન્દ્ર સરકારની તથા રાજય સરકારની જવાબદારીઓ નોંધો.
2. શિક્ષકની લાક્ષણિકતાઓ જણાવી તેઓની સફળ શિક્ષકના સંદર્ભે વિસ્તૃત ચર્ચા કરો.
3. શાળાઓની અનિવાર્ય ભૌતિક સુવિધાઓની નોંધ કરી આ સુવિધાઓની શાળા શિક્ષણના મહત્વનાં અંગો તરીકે વિસ્તૃત ચર્ચા કરો.
4. શિક્ષકો માટેની સેવાકાલીન તાલીમની અગત્યતા જણાવી આ અંગેની ઉપયોગમાં લેવાતી વિવિધ રીતોની વિસ્તૃત ચર્ચા કરો.
5. શાળામાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓની જરૂરિયાત તથા તેના શૈક્ષણિક અને મનોવૈજ્ઞાનિક મૂલ્ય વિશે ચર્ચા કરો.
6. “શિક્ષક એક વ્યવસ્થાપક છે.” શું તમે આ કથન સાથે સહમત છો ? તમારા જવાબને સહદ્રષ્ટાંત સ્પષ્ટ કરો.

પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના આશરે 400 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) **(24)**

1. શિક્ષકની વ્યવસાયિક લાક્ષણિકતાઓની યાદી રજૂ કરો.
2. સહઅભ્યાસ પ્રવૃત્તિઓની સફળ આયોજન માટે શિક્ષક તરીકે આપની ભૂમિકા વર્ણવો.
3. સંગઠનની લાક્ષણિકતાઓની નોંધ તૈયાર કરો.
4. શાળાનું અંદાજપત્ર કયા સોપાનોને આધારે તૈયાર કરશો.
5. શાળા શિક્ષણ માટે સ્થાનિક મંડળોના કાર્યો જણાવો.
6. શાળાને નેતૃત્વનું સ્વરૂપ તથા શાળાના નેતામાં હોવા જોઈતા આવશ્યક ગુણોની ચર્ચા કરો.

પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દસમાંથી આઠ) **(16)**

1. શાળાના કોઈ પણ બે માનવબળ સ્ત્રોતો જણાવી એકની તમારા શબ્દોમાં ટૂંકમાં ચર્ચા કરો.
2. શિક્ષકોના સંઘોના કોઈપણ બે કાર્યો નોંધો.

3. સમાજમાં અદા કરવાના શિક્ષકના ગુણધર્મોની સંક્ષિપ્તમાં યાદી રજૂ કરો.
4. શાળાના એક અસરકારક શિક્ષકમાં કઈ શૈક્ષણિક ક્ષમતાઓ હોવી ઘટે છે ?
5. અધ્યાપન કાર્ય પૂર્ણ કર્યા બાદ શિક્ષકે કયા કાર્યો કરવા પડે છે ?
6. શાળાના એક સફળ આચાર્યની ભૂમિકા વર્ણવો.
7. શું તમારી શાળામાં તમારા વિષયમાં ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરવા ક્રિયાત્મક સંશોધન મદદરૂપ થઈ શકે ? કેવી રીતે ?
8. વર્કશોપમાં થઈ શકે તેવી કોઈપણ ચાર સુસંગત પ્રવૃત્તિઓ જણાવો.
9. સંગઠનાત્મક વાતાવરણના ભાગરૂપે “સ્વાયત્ત વાતાવરણ” સમજાવો.
10. માધ્યમિક શિક્ષણ બોર્ડ (SEB) ના કાર્યો જણાવો.

પ્રશ્ન-4 નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. **(12)**

1. વ્યુત્પત્તિશાસ્ત્રની દ્રષ્ટીએ “Education” શબ્દ કયા મૂળ અંગ્રેજી શબ્દમાંથી ઉત્પન્ન થયો છે ?
2. શાળા શિક્ષણના સંદર્ભે ભારતીય બંધારણની કલમ-૨૯ (-ii) શેનો નિર્દેશ કરે છે ?
3. શૈક્ષણિક સંશોધન અને તાલીમની પરિષદ (NCERT) ને પૂર્ણત : આર્થિક સહાય કોણ આપે છે ?
4. તમારી દ્રષ્ટીએ શિક્ષકોનું મૂલ્યાંકન શા માટે જરૂરી છે ?
5. વર્ગખંડ વ્યવસ્થાપનના સંદર્ભે શિક્ષક તરીકે તમારી કોઈપણ બે જવાબદારીઓ નોંધો.
6. કયા શિક્ષણ પંચનું એમ કહેવું છે કે “આપણે બધાં સંમત છીએ કે ચોક્કસ શૈક્ષણિક સંરચનામાં સૌથી વધુ મહત્વપૂર્ણ ઘટક શિક્ષણ છે” ?
7. શાળામાં વિદ્યાર્થીઓની નેતૃત્વ સંબંધી કોઈપણ બે ભૂમિકાઓની યાદી તૈયાર કરો.
8. શાળા કક્ષાએ જેના પર સેમિનાર યોજી શકાય એવા કોઈપણ બે વિષયોની યાદી તૈયાર કરો.
9. શાળામાં સમયપત્રક શા માટે રચવામાં આવે છે ?
10. શાળામાં અસ્તિત્વ ધરાવતાં કોઈપણ બે મંડળોની યાદી આપો.
11. વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોના મૂલ્યાંકનની એક સમસ્યા નોંધો.
12. રાષ્ટ્રની વૃદ્ધિ અને વિકાસને અસર કરતી બે ઘટનાઓ લખો.

---

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

### સત્રાંત પરીક્ષા ડિસેમ્બર – 2017

| | | |
|---|---|---|
| અભ્યાસક્રમ | : બેચલર ઓફ એજ્યુકેશન | નોંધણી નંબર :___________ |
| પાઠ્યક્રમ | : **ES-341** | |
| વિષય | : વિજ્ઞાન અને ટેકનોલોજીનું અધ્યાપન | |
| તારીખ | : **27/12/2017** | |
| સમય | : **03.00 to 06.00** | કુલ ગુણ : **100** |

---

પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના આશરે 800 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) **(48)**

1. અભ્યાસક્રમ રચનાના સિદ્ધાંતો વિજ્ઞાન વિષયના પરીપેક્ષમાં વિગતે સમજાવો.
2. કસોટી રચનાના સોપાનો ઉદાહરણસહ સવિસ્તાર વર્ણવો.
3. નિદર્શન પદ્ધતિથી પ્રિઝમમાં થતા પ્રકાશના વક્રીભવનની બાબત કેવી રીતે સ્પષ્ટ કરશે? વિગતે સમજાવો.
4. વિદ્યાર્થીઓને ઉષ્મા ક્ષેપક પ્રક્રિયાઓ અને ઉષ્મા શોષક પ્રક્રિયાઓ ઉદાહરણસહ સમજાવવા માટેની નોંધ તૈયાર કરો.
5. અણુરચના અને સમઘટકતા શીખવવા માટે કેવા અને કયા શૈક્ષણિક સાધનોનું નિર્માણ કરશો? સમજાવો.
6. ડુંગળીના કોષોના અધ્યાપન માટે નિદર્શન અને પ્રયોગ પદ્ધતિનું આયોજન કરો.

પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના આશરે 400 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) **(24)**

1. સમસ્યા ઉકેલ અભિગમ એટલે શું ? તેના સોપાનો વિગતે સમજાવી, મર્યાદાઓ લખો.
2. વિદ્યાર્થીને લઘુદ્રષ્ટિની ખામી છે. તેને આ ખામીનો અર્થ સમજાવી, નિવારવાના ઉપાય સૂચવો અને આ બાબતો સમજાવતી વખતે તમે કઈ કાળજી રાખશો ? તે જણાવો.
3. વિદ્યાર્થીઓને વેધશાળાની મુલાકાતે લઇ જતા પહેલા તમે કઈ-કઈ બાબતોની સમજ અને સૂચના આપશો ?
4. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને રસાયણ વિજ્ઞાન કઈ પદ્ધતિથી શીખવવું સલાહ ભર્યું છે ? શા માટે ?
5. વ્યવહારિક ઉદાહરણ દ્વારા ફૂડપ્રોસેસિંગનો અર્થ સ્પષ્ટ કરી, ફૂડપ્રોસેસિંગની ચાર પ્રયુક્તિઓ જણાવો.
6. વિદ્યાર્થીઓને નિવસનતંત્રની સમજ આપવા માટે કઈ એક પદ્ધતિ પસંદ કરી, તેની નોંધ તૈયાર કરો.

પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દશ માંથી આઠ) **(16)**

1. વિજ્ઞાન વિષયમાં પ્રાયોગિક પદ્ધતિના ફાયદા-ગેરફાયદાઓ જણાવો.
2. શાળામાં વિજ્ઞાન વિષય શીખવવો આવશ્યક છે. વિધાનના સમર્થનમાં ચાર દલીલો રજુ કરો.

3. નિદાન કાર્ય અને ઉપચારાત્મક કાર્ય ઉદાહરણ સહ સમજાવો.
4. સંતુલિત બળો અને અસંતુલિત બળોનો અર્થ સમજાવી, તેના વ્યવહારિક ઉદાહરણ આપો.
5. ડી. સી. વિદ્યુત જનરેટરની સૈદ્ધાંતિક આકૃતિ નામનિર્દેશન સાથે, નિદર્શન માટે તૈયાર કરો.
6. વિદ્યાર્થીઓને હીરો અને ગ્રેફાઈટના ભૌતિક ગુણધર્મો કેવી રીતે સમજાવશો ?
7. રાસાયણિક સમીકરણની મર્યાદાઓ તમારા શબ્દોમાં રજૂ કરો.
8. પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતોનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરતા થાય તે માટે તમે વિદ્યાર્થીઓને શું સમજ આપશો ?
9. સજીવનો એકમ કોષ, એ વિષય પર જૂથ ચર્ચાનું આયોજન કેવી રીતે કરશો ?
10. વિદ્યાર્થીઓને સમતોલ આહારનું મહત્વ કેવી રીતે સમજાવશો ?

પ્રશ્ન-4 નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. **(12)**

1. **પાઠ આયોજનના બે લાભો જણાવો.**
2. **વિજ્ઞાન શિક્ષણના કૌશલ્ય વિષયક સામાન્ય હેતુના બે વિશિષ્ટ હેતુઓ લાખો.**
3. **પાઠ આયોજન માટેના કોઇપણ બે અભિગમોના નામ જણાવો.**
4. **ગેલેકસીનો અર્થ તમારા શબ્દોમાં રજૂ કરો.**
5. **તમારા વિદ્યાર્થીઓને પ્રકાશવર્ષની સમજ કેવી રીતે આપશો ?**
6. **વિદ્યાર્થીઓને ગ્રેસીંગનું મહત્વ તમારા શબ્દોમાં સમજાવો.**
7. **અસંતૃપ્ત હાઈડ્રો કાર્બનના બે ઉદાહરણ આપો.**
8. **ચુંબકીય અલગીકરણ પદ્ધતિનો ઉપયોગ ક્યારે કરવામાં આવે છે ?**
9. **અણુસૂત્રનો અર્થ તમારા શબ્દોમાં આપો.**
10. **વિદ્યાર્થીઓને AGMARKનું મહત્વ સમજાવો.**
11. **કોષ વિભાજનના બે પ્રકારના નામ જણાવો.**
12. **ખેતી માટે જમીન સુધારણા કરવા માટેની બે પ્રવૃત્તિઓના નામ આપો.**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર – 2017

| | | | |
|---|---|---|---|
| અભ્યાસક્રમ | : બેચલર ઓફ એજ્યુકેશન | નોંધણી નંબર | :___________ |
| પાઠ્યક્રમ | : **ES-342** | | |
| વિષય | : ગણિતનું અધ્યાપન | | |
| તારીખ | : **26/12/2017** | | |
| સમય | : **03.00 to 06.00** | કુલ ગુણ | : **100** |

---

**પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના આશરે 800 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) (48)**

1. એકમના અસરકારક અધ્યાપન માટે કઈ કઈ શૈક્ષણિક સાધન સામગ્રીનો ઉપયોગ કરી શકાય? ગણિત વિષયના કોઇપણ એક એકમ માટે વિવિધ શૈક્ષણિક સાધનોની યાદી તૈયાર કરી આ સાધનોનો તમે કેવી રીતે ઉપયોગ કરશો તે જણાવો.
2. ગણિત શિક્ષણમાં મૂલ્યાંકનનો અર્થ સમજાવી મૂલ્યાંકનની જુદી જુદી પદ્ધતિઓની વિગતે ચર્ચા કરો.
3. તમને 10 લાખ રૂપિયાની લોટરી લાગે છે. તમે આ રૂપિયા 5 વર્ષ માટે ચક્રવૃદ્ધિ વ્યાજે મુકવા માંગો છો. બેંક તમને બે વિકલ્પો આપે છે : (1) 6% વ્યાજ દરે દર માસે વ્યાજ ઉમેરવામાં આવશે અથવા (2) 12%ના વ્યાજ દરે દર બે માસે વ્યાજ ઉમેરવામાં આવશે. આ બે માંથી કયો વિકલ્પ તમારા માટે ફાયદાકારક રહેશે તે વ્યાજની ગણતરી કરી દર્શાવો.
4. (અ) જો $P(x) = Ax^3 + Bx^3 + Cx + D$ અને $q(x) = x - a$ હોય, તો $p(x)$ ને $q(x)$ વડે ભાગો.
   (બ) પિતાની ઉંમર પુત્રીની ઉંમર કરતા ચાર ગણી છે. 5 વર્ષ પછી પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતા ત્રણગણી હશે. તો પિતા અને પુત્રની હાલની ઉંમર શોધો.
5. નીચેના સમીકરણનો ઉકેલ મેળવો.
   (અ) $\sqrt{5}x^2 - 4x - \sqrt{5} = 0$
   (બ) $(x - 7)^2 - 16 = 0$
6. માંગ્ય મુજબ ઉત્તર લખો.

(અ) ગોલક આકારનો ધાતુનો ગોળો કે જેની અંદરની સપાટીનો વ્યાસ 9 સે.મી. અને બહારની સપાટીનો વ્યાસ 10 સે.મી. છે તથા ધાતુની ઘનતા 7 ગ્રામ/સેમી$^3$ છે, તો તેનું વજન શોધો. ($\pi = 22/7$ લો.)

(બ) વાવાઝોડાને કારણે એક ઝાડ એ રીતે ભાંગીને વળી જાય છે, જેથી તેની ટોચ, જમીન સાથે ઉપરનો ભાગ 30 માપનો ખૂણો બનાવે તેમ જમીનને સ્પર્શે છે. ઝાડની જમીનને સ્પર્શતી ટોચ અને ઝાડના થડ વચ્ચેનું અંતર 30 મીટર હોય, તો ઝાડની ઊંચાઈ શોધો.

**પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના આશરે 400 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) (24)**

1. ગણિતના સારા અધ્યાપન કાર્યની લાક્ષણિકતાઓ જણાવો.
2. માંગ્ય મુજબ ઉત્તર લખો.

(અ) મનોજે એક નાણાં ધીરનાર પાસેથી 25,600 રૂપિયા ઉધાર લીધા અને 4 વર્ષ પછી વ્યાજ સાથે 32,400 રૂપિયા પાછા આપ્યા. દર વર્ષે વ્યાજનો દર જણાવો.

(બ) રિતુને વિપ્રો સોફ્ટટેકના 100 શેર 10 રૂપિયાની મૂળકિંમતે મળ્યા. તેણે તે 305 રૂપિયાના બજાર ભાવથી વેચ્યા. જો દલાલી 2% હોય તો રિતુને મળેલો ચોખ્ખો નફો જણાવો.

3. નીચે આપેલા છુટા પ્રાપ્તાંકોનું પ્રમાણ વિચલન શોધો.

   6, 8, 9, 10, 12, 11, 7, 8, 10, 9

4. જો કોઈ વસ્તુની ખરીદ કિંમત અને વેચાણ કિંમત આપેલી છે તો વસ્તુના ખરીદ-વેચાણના વ્યવહારમાં કેટલો નફો કે નુકશાન થયું છે તે દર્શાવતા ફ્લોચાર્ટ રચો. અલગોરીધમનો અમલ વે.કિ.=375 અને ખ.કિ.=300 રૂપિયા માટે કરો.

5. ΔABC માટે, m∠A = 2m∠B અને m∠B= 3m∠C હોય તો ΔABC ના ત્રણેય ખુણાઓના માપ શોધો.

6. એક નળાકાર ટાંકીની ક્ષમતા 6610 ક્યુ. મીટર છે. જો તેની ત્રિજ્યા 14 મીટર હોય તો તેની ઊંડાઈ શોધો. તથા 3 રૂપિયાએ 1 મીટરને રંગવાનો ભાવ હોય તો તેની બહારની વક્ર સપાટી રંગવાનો ખર્ચ ગણો.

**પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દશ માંથી આઠ) (16)**

1. ગણિત શિક્ષણનું મહત્વ સામાજિક બાબતોને ધ્યાનમાં રાખીને જણાવો.
2. ગણિતના અભ્યાસક્રમ પરિવર્તનને અસરકર્તા પરિબળો જણાવો.
3. ગણિત શિક્ષણના અસરકારક દ્રઢીકરણ માટે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.
4. 98 અને 128ના લ.સા.અ. અને ગુ.સા.અ. શોધો.
5. આરવે એક નાણાંકીય સંસ્થા પાસેથી 1,35,000 રૂપિયા 4 વર્ષ માટે વાર્ષિક 8%ના સાદા વ્યાજે લીધા છે, તો તેણે 4 વર્ષ પછી કુલ કેટલી રકમ ચુકવવાની થશે.
6. જો $P(x) = 2x^3 + x^2 - 3x - 2$ હોય, $P(-1)$ શોધો.
7. ઉદાહરણ આપી સમાન ગણ અને સામ્ય ગણ વચ્ચેનો તફાવત સમજાવો.
8. એક ખૂણો તેના કોટિકોણના માપ કરતા 32° મોટો છે, તો તે ખૂણાનું માપ શું હશે?
9. વિદ્યાર્થીઓને નળાકારનું ઘનફળ શોધવાનું સૂત્ર કેવી રીતે સમજાવશો?
10. જો $cos\ A = 7/25$ જો હોય, તો tan A ની કિંમત મેળવો.

**પ્રશ્ન-4 નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. (12)**

1. નવમી સદીમાં થયેલા મહાવિરે આપેલું ચતુષ્કોણનું ક્ષેત્રફળ શોધવા માટેનું સૂત્ર લખો.
2. શોધ પદ્ધતિ માટે વપરાતો 'હ્યુરિસ્ટિક' શબ્દ કયા ગ્રીક શબ્દ પરથી ઉતરી આવ્યો છે?
3. 'ત્રિકોણમિતિ' (એકમ માટે) બે બહુવિકલ્પ કસોટીની રચના કરો.
4. વિદ્યાર્થીઓને 'સંખ્યા પદ્ધતિ' શીખવવા માટેના કોઇપણ બે વિશિષ્ટ હેતુઓ જણાવો.
5. ઘાતાંકનો ગુણાકાર અને ભાગાકાર નો નિયમ લખો.
6. 9% અને 3% ના બે લગાતાર વટાવના સમકક્ષ એક વટાવનો દર શોધો.
7. $2 - 2x + 4x^2 + 3x^3$ બહુપદીનો ઘાત જણાવો.
8. જો A={4, 5, 6} અને B={3, 8} હોય, તો એવી ક્રમયુક્ત જોડો લાખો જેનો પહેલો સભ્ય બીજા સભ્ય કરતા મોટો હોય.
9. $P(x) = 3x^2 + 2x + 1$ ને $(x - 3)$ વડે ભાગતાં કેટલી શેષ વધે?
10. બે ત્રિકોણ વચ્ચેની એકરૂપતાની શરતો જણાવો.
11. ગોલકની વ્યાખ્યા આપો.
12. જો A=1/0 હોય, તો tan A ની કિંમત જણાવો.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર – 2017

અભ્યાસક્રમ : બેચલર ઓફ એજ્યુકેશન નોંધણી નંબર :____________

પાઠ્યક્રમ : **ES-343**

વિષય : સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન

તારીખ : **29/12/2017**

સમય : **11.00 to 02.00** કુલ ગુણ : **100**

---

પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના આશરે 800 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) **(48)**

1. શૈક્ષણિક પ્રક્રિયા એટલે શું ? સમાજવિદ્યામાં શૈક્ષણિક પ્રક્રિયાનું આયોજન અને આયોજનનાં ક્ષેત્રોનો ખ્યાલ આપી વિસ્તારથી સમજાવો.
2. સમાજવિદ્યામાં મૂલ્યાંકનનું પ્રયોજન અને મૂલ્યાંકનનાં પાસાઓ જણાવી સવિસ્તાર ચર્ચો.
3. પ્રાચીન સિંધુખીણની સંસ્કૃતિના વિષયવસ્તુનો ખ્યાલ આપી તેના અધ્યાપન માટેની વ્યૂહરચના વિસ્તારથી સમજાવો.
4. ભૂગોળ શિક્ષણના વિષયવસ્તુનો ખ્યાલ આપી વિસ્તૃત ચર્ચા કરો.
5. પ્રાકૃતિક પર્યાવરણના વિષયવસ્તુનો ખ્યાલ આપી વિસ્તૃત ચર્ચા કરો.
6. 'ભારત એક રાષ્ટ્ર એકમના અધ્યાપનકાર્ય માટે એક શિક્ષક તરીકે તમે વિષયવસ્તુના કયા કયા મુદ્દાનો સમાવેશ કરશો? વિસ્તારથી સમજાવો.

પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના આશરે 400 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) **(24)**

1. સમાજવિદ્યાની સંકલ્પના સ્પષ્ટ કરી માધ્યમિકશાળાના અભ્યાસક્રમમાં સમાજવિદ્યાનું સ્થાન સ્પષ્ટ કરો.
2. અર્વાચીન યુગની શરૂઆત અને ભૌગોલિક શોધોનો ખ્યાલ આપી સવિસ્તાર ચર્ચા કરો.
3. ભારતના સંસ્કૃતિક વારસાની ચર્ચા કરો.
4. મનુષ્યના પર્યાવરણ સાથેની અંત:ક્રિયા સંબંધી વિષયવસ્તુની ચર્ચા કરો.
5. કુદરતી સંપત્તિ એકમના વિષયવસ્તુનો ખ્યાલ આપી તેની ચર્ચા કરો.
6. ભારતીય અર્થતંત્રનો અર્થ સ્પષ્ટ કરી સામાજિક, આર્થિક અને કૌટુંબિક સુખાકારીનું માળખું સમજાવો.

પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દસમાંથી આઠ) **(16)**

1. અધ્યેતા નિર્દેશિત શૈક્ષણિક નિવેશો એટલે શું ?
2. દૈનિક પાઠઆયોજનના મુખ્ય વિભાગો જણાવો.
3. સમાજવિદ્યાના શૈક્ષણિક માધ્યમો જણાવો.
4. આર્યસમાજના સ્થાપક કોણ હતા?
5. હરપ્પન સંસ્કૃતિના મુખ્ય વિસ્તારો જણાવો.

6. ભારતના મુખ્ય ભૌતિક વિભાગો કયા છે ?
7. ભારતમાં મળી આવતી પ્રાકૃતિક વનસ્પતિની મુખ્ય કઈ કઈ જાતો છે ?
8. જમીનના મુખ્ય પ્રકાર કયા કયા છે ?
9. 1953માં ભારત સરકારે કયા પ્રકારના જાહેર વિમાન માર્ગોની સંરચના કરી હતી ?
10. અર્થતંત્રના વિકાસ માટે અને સમસ્યા ઉકેલ માટે પાયાના બે માર્ગો કયા છે ?

પ્રશ્ન-4 નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. **(12)**

1. અભ્યાસક્રમની પ્રક્રિયાનો અંતિમ તબક્કો કયો છે ?
2. અભ્યાસક્રમનો કયો અભિગમ ભવિષ્ય કરતાં વર્તમાનનો સામનો કરવા તૈયાર કરે છે ?
3. વિદ્યાર્થી ચોક્કસ પાઠ્યક્રમની શરૂઆત કરે ત્યારે લેવામાં આવતી મૂલ્યાંકન કસોટીને કયા નામે ઓળખવામાં આવે છે ?
4. શિક્ષકની ગેરહાજરીમાં વિદ્યાર્થીઓના નાના નાના જૂથમાં થતા અધ્યયનને કયા નામે ઓળખવામાં આવે છે ?
5. અભિક્રમિત અધ્યયન કોના અભિસંધાનના સંશોધનમાંથી આવ્યું છે ?
6. મોટાભાગના શિક્ષકો અને સંશોધકોએ કોના શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ સ્વીકાર્યું છે ?
7. અધ્યયન માટેનાં અન્ય સંસધાનોમાં કોનો કોનો સમાવેશ થાય છે ?
8. વિદ્યાર્થીઓ સક્રિય રીતે અધ્યાપનની પ્રક્રિયામાં રોકાયેલા હોય તો વર્ગ પ્રબંધન સરળ બને છે આ મત કોનો છે ?
9. વિદ્યાર્થીઓ નિશ્ચિત ક્ષેત્રો પર પાડી શકે છે કે નહીં તે જોવા માટે કઈ કસોટી રચવામાં આવે છે ?
10. ટેલિવિઝન કેવા પ્રકારનું શૈક્ષણિક ઉપકરણ છે ?
11. સુદ્રઢીકરણ કૌશલમાં મુખ્ય કયા બે ઘટકો જોવા મળે છે ?
12. સૂક્ષ્મઅધ્યાપન કાર્યક્રમમાં અધ્યાપનનો સમય કેટલો રાખવામાં આવે છે ?

# Dr. Babasaheb Ambedkar Open University
## Term End Examination December - 2017

**Course** : **Bachelor of Education** **Roll No.:** ________________

**Subject Code** : **ES-344**

**Subject** : **Teaching of English**

**Date** : **28/12/2017**

**Time** : **03.00 to 06.00** **Total Marks : 100**

---

**Q. 1 Answer the following questions in about 800 words. (Any Four) (48)**

1. Which learner factors influence second language learning?
2. What kind of speaking activities would you incorporate to develop speaking skills among the secondary school students ?
3. What problems do the learners face in an ELT classroom?
4. On what criteria are vocabulary items selected for teaching a language?
5. State different types of writing. How will you use any two of them while teaching the writing skill?
6. Mention in detail the major methodological development in English language teaching classroom.

**Q. 2 Answer the following questions in about 400 words. (Any Four) (24)**

1. Show difference between Method, Approach and Technique.
2. What three part framework has Cyril Weir proposed to test spoken interaction?
3. Define fluency, appropriacy and accuracy.
4. What is ‘schemata’? What does it include?
5. Explain with illustrations the difference between ‘homophones’ and ‘homographs’.
6. What are the advantages of integrated grammar tasks?

**Q. 3 Answer the following questions in brief. (Any Eight) (16)**

1. What is Attitude?
2. Enlist the types of motivation.
3. What is ethnocentricity?
4. Distinguish between ‘scanning’ and ‘skimming’.
5. What does a ‘skeleton story’ mean ?
6. What difference is there between ‘note taking’ and ‘note making’?
7. What are motor perceptive skills?
8. How does the reading speed vary?
9. What are the different kinds of misues or decoding?
10. What is monologue?

**Q. 4 Select an appropriate answer from the given option. (12)**

1 While teching any skill, we need to focus on ________.

(A) Process (B) Product (C) Style (D) Planning

2 ________ techniques help students to write well.

(A) Collective (B) Collaborative (C) Comprehensive (D) Cohesive

3 The omission of words and pharases without any loss of meaning is known as ________.

(A) Conjunction (B) Reference (C) Ellipsis (D) Substation

4 Retrievel skills are ________ skills.

(A) Storage (B) Gathering (C) Linguistic (D) Study

5 _________ is a method of marking where a single score is awarded on basis of overall reading/assessment of the written text.

(A) Analystical marking (B) Code of marking

(C) Holistic marking (D) Multiple marking

6 The inborn potential to do certain kinds of work is ________ .

(A) Aptitude (B) Skill (C) Attitude (D) Ability

7 A sequential listing of activities selected to achieve the instructional objective is _______.

(A) Introducing a leson (B) Presentation of content

(C) Feedback (D) Post present reflection

8 Listening recordings of natural conversations is ________ listening.

(A) Extensive (B) Intensive (C) Live (D) Authentic

9 The skills related to decide what to say, how to say to whom and when is ________ skills.

(A) Interaction (B) Motor perceptive (C) Reciprocity (D) Linguistic

10 ________ is table used for information transfer exercises.

(A) Grid (B) Monologue (C) Dialogue (D) Minimal pairs

11 Generating new ideas and insights from a text is ________ reading.

(A) Critical (B) Creative (C) Extensive (D) Intensive

12 Communicative competence is aimed at in ________.

(A) Grammar translation method (B) Structural approach

(C) Bilingual method (D) Communicative approach

# डो. बाबासाहेब अंबेडकर ओपन युनिवर्सिटी

सत्रांत परीक्षा दिसम्बर – २०१७

| | | | |
|---|---|---|---|
| अभ्यासक्रम | : बेचलर ओफ एज्युकेशन | नोंधणी नंबर : | ____________ |
| पाठयक्रम | : ES-345 | | |
| विषय | : हिन्दी शिक्षण प्रविधि | | |
| तारीख | : २९-१२-२०१७ | | |
| समय | : ०३.०० थी ०६.०० | कुल गुण : | १०० |

---

**प्रश्न-१ निम्नलिखित प्रश्नो के ८०० शब्दो में उत्तर दीजिए । (छ में से चार) (४८)**

१. विरामचिह्न किसे कहते है ? हिन्दी में प्रचलित विरामचिह्नों को सोदाहरण समझाइए ।
२. उच्चारण की द्रष्टि से हिन्दी वर्णें का वर्गीकरण कीजिए ।
३. कविता शिक्षण का महत्व बताते हुए कविता शिक्षण की प्रक्रिया समझाइए ।
४. क्रियात्मक शोध का अर्थ एवं महत्व लिखते हुए क्रियात्मक शोध के सोपानोकी चर्चा कीजिए ।
५. हिन्दी निबंध के विकास पर प्रकाश डालते हुए निबंध की विधागत विशेषताएँ समझाइए ।
६. मौखिक अभिव्यक्ति का अर्थ एवं महत्व स्पष्ट करते हुए मौखिक अभिव्यक्ति के विकास की क्रियाएँ विस्तार से समझाइए ।

**प्रश्न-२ निम्नलिखित प्रश्नो के ४०० शब्दो में उत्तर दीजिए । (छ में से चार) (२४)**

१. भाषा अधिगम प्रक्रिया समजाते हुए भाषा अधिगम की विशेषताएँ समझाइए ।
२. व्याकरण शिक्षण का महत्व और व्याकरण शिक्षण की विधियाँ समझाइए ।
३. निबंध पाठ-शिक्षण में मौन पाठ का क्या महत्व है ? स्पष्ट कीजिए ।
४. श्रवण कौशल्य का अर्थ महत्व और प्रकार लिखते हुए श्रवण कौशल्य विकास संबंधी क्रियाकलापो की चर्चा कीजिए ।
५. मूल्यांकन का अर्थ क्या है ? मूल्यांकन की आवश्यकता और महत्व को समझाइए ।
६. भाषा शिक्षा के शिक्षण सूत्रों की विस्तार से चर्चा कीजिए ।

**प्रश्न-३ निम्नलिखित प्रश्नो के संक्षिप्त में उत्तर दीजिए । (दस में से आठ) (१६)**

१. पाठ्यपुस्तक में कौन-कौन से गुण है ?
२. कहानी शिक्षण के तत्व बताइए ।
३. शिशु अपने भाषा विकास में किस चार प्रकार के वाक्यों का प्रयोग करता है ?
४. अर्थ की द्रष्टि से शब्दों के कितने रूप है ? कौन-कौन से ?
५. यांत्रिक माध्यम के कितने प्रकार है ?
६. वर्णमाला किसे कहते है ?
७. गद्य विद्याओ के नाम बताइए ?
८. प्रश्नपत्र की विशेषताएँ क्या है ?
९. भाषा शिक्षा के सिद्धांत लिखिए ।
१०. अधिगम शिक्षण प्रक्रिया के प्रमुख घटक लिखिए ।

**प्रश्न-४ निम्नलिखित प्रश्नो के एक वाक्य में उत्तर दीजिए ।** **(१२)**

१. शब्दशक्ति के प्रकार लिखिए ।
२. नाटक शिक्षण की प्रमुख विधियाँ लिखिए ।
३. गद्यपाठ शिक्षण में प्रस्तावना के दो अंग कौन से है ?
४. उपचारात्मक शिक्षण के प्रकार बताईए ।
५. निर्गुण भक्ति धारा के रूप लिखिए ।
६. विसर्ग संधि किसे कहते है ?
७. बालक का भाषा विकास सरल और उत्तर छोटे वाक्य कितनी आयु में देखने को मिलते है ?
८. व्युत्पति के आधार पर हिन्दी शब्द भंडार के दो प्रकार लिखिए ।
९. संरचना की द्रष्टि से वाक्य के प्रकार कौन कौन से है ?
१०.द्रश्य-श्राव्य यांत्रिक उपकरण के नाम बताइए ।
११.भाषा के कौशल लिखिए ।
१२.बेलार्ड के अनुसार मातृभाषा किसे कहते है ?

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

### સત્રાંત પરીક્ષા ડિસેમ્બર – 2017

| | | | |
|---|---|---|---|
| અભ્યાસક્રમ | : બેચલર ઓફ એજ્યુકેશન | નોંધણી નંબર | :____________ |
| પાઠ્યક્રમ | : **ES-346** | | |
| વિષય | : ગુજરાતીનું અધ્યાપન | | |
| તારીખ | : **30/12/2017** | | |
| સમય | : **11.00 to 02.00** | કુલ ગુણ | : **100** |

---

પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના આશરે 800 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) **(48)**

1. ભાષાની વ્યાખ્યા જણાવી ભાષાનું મહત્વ સ્પષ્ટ કરો.
2. ધોરણ-8 માંથી કોઇપણ એક ગદ્યપાઠ લઇ પાઠ આયોજન નોંધ તૈયાર કરો.
3. વ્યાકરણ શિક્ષણ પ્રત્યે નિરસતાના કારણો વિગતે ચર્ચો.
4. ભાષા કૌશલ્યનું વર્ગીકરણ કરી લેખિત અભિવ્યક્તિના વિવિધ સ્વરૂપો સમજાવો.
5. કાવ્ય શિક્ષણની પદ્ધતિઓ વિશે વિગતે વર્ણન કરો.
6. ઉપકરણના પ્રકાર જણાવી, ઉપકરણોનું મહત્વ અને મર્યાદાઓ જણાવો.

પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના આશરે 400 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) **(24)**

1. બેન્જામીન બ્લૂમની યોજના અનુસાર સામાન્ય હેતુઓનું વર્ગીકરણ કરી સામાન્ય હેતુ અને વિશિષ્ટ હેતુ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
2. વાચન શિક્ષણ પદ્ધતિઓ જણાવી ગમે તે બે પદ્ધતિઓની વિગતે ચર્ચા કરો.
3. વર્ગ શિક્ષણમાં કથન પ્રયુક્તિનો વિનિયોગ કેવી રીતે કરશો વિગતે લખો.
4. પત્રલેખન વિશે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.
5. પાઠ્ય-પુસ્તકના બાહ્યલક્ષણો અને આંતરિક લક્ષણોની ચર્ચા કરો.
6. ખાલી જગ્યા, જોડકા બનાવો અને વિકલ્પ પ્રકારની કસોટીની (ઉદાહરણ સહિત) રચના કરો.

પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દસમાંથી આઠ) **(16)**

1. ભાષાના ઘટકો જણાવી ગમે તે એક સમજાવો.
2. માતૃભાષા શિક્ષણ ની ગમે તે ચાર ઉપેક્ષા જણાવો.
3. ભાષા વિકાસમાં અસર કરતા પરિબળો લખો.
4. માતૃભાષા શિક્ષણની પદ્ધતિની યાદી આપો.
5. શ્રવણ કૌશલ્યને અસર કરતા ઘટકો સ્પષ્ટ કરો.
6. ગદ્ય શિક્ષણના ગમે તે બે હેતુ લખો.
7. વ્યાકરણ શિક્ષણ પદ્ધતિઓની યાદી આપો.

8. ઉપચારાત્મક શિક્ષણ એટલે શું?
9. માતૃભાષા શિક્ષકની ગમે તે બે સજ્જતા જણાવો.
10. બુથ-યુક્ત ભાષા-પ્રયોગશાળાના પ્રકારો લખો.

પ્રશ્ન-4 નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. **(12)**

1. 'માતૃભાષા એ હ્રદયની ભાષા છે' – આ વિધાન ક્યા ભાષાવિદનું છે?
2. માતૃભાષા શિક્ષણ માટે વર્ષ દરમ્યાન કેટલા દિવસો મળવા જોઈએ?
3. એકમ આયોજન એટલે શું?
4. પ્રાથમિક કૌશલ્યો જણાવો.
5. વાચનના પ્રકાર કેટલા છે? કયા કયા ?
6. વ્યાકરણ શિક્ષણ માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે?
7. ગદ્યના જુદા જુદા સાહિત્ય પ્રકારો લખો.
8. કાવ્યની ગમે તે એક વ્યાખ્યા આપો.
9. જયારે કોઈ મહાન વ્યક્તિ કે પૂજનીય વ્યક્તિના જીવનના સ્મરણો આલેખતો નિબંધ સ્વરૂપે રજૂ કરવામાં આવે ત્યારે કયા પ્રકારનો નિબંધ થયો કહેવાય ?
10. માતૃભાષા શિક્ષણની સામગ્રી જણાવો. (ગમે તે બે નામ)
11. બ્લ્યુપ્રિન્ટ (ત્રિપરિમાણ દર્શક)ના સોપાનો લખો.
12. દ્રશ્ય-શ્રાવ્ય હોય તેવા બે સાધનના નામ લખો.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર – 2017

| | | | |
|---|---|---|---|
| અભ્યાસક્રમ | : બેચલર ઓફ એજ્યુકેશન | નોંધણી નંબર | :____________ |
| પાઠ્યક્રમ | : **ES-347** | | |
| વિષય | : સંસ્કૃતનું અધ્યાપન | | |
| તારીખ | : **30/12/2017** | | |
| સમય | : **03.00 to 06.00** | કુલ ગુણ | : **100** |

---

પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના આશરે 800 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) **(48)**

1. પ્રવર્તમાન સમયમાં સંસ્કૃત ભાષાના શિક્ષણને લોકપ્રિય બનાવવા માટે તમે એક શિક્ષક તરીકે કયા-કયા ઉપાયો કરશો?
2. સંસ્કૃત ભાષાના સ્વરૂપની વિશેષતાઓ વિગતે ચર્ચો.
3. સંસ્કૃત વ્યાકરણ શિક્ષણ માટે આગમન-નિગમન પદ્ધતિ આશીર્વાદરૂપ છે – ઉદાહરણ આપી સમજાવો.
4. પદ્યશિક્ષણનું મહત્વ જણાવી પદ્યશિક્ષણ માટેની પદ્ધતિઓ પરિચય આપો.
5. સંસ્કૃત શિક્ષણમાં શૈક્ષણિક સાધનોનું મહત્વ જણાવી ફ્લેનલ બોર્ડ, ચિત્રો અને ટેલીવિઝનનો ઉપયોગ સંસ્કૃત શિક્ષણમાં કઈ રીતે કરશો ?
6. સંસ્કૃત ધોરણ-૯ના પાઠ્યપુસ્તકમાંથી કોઈ એક પાઠ પસંદ કરી નીચેના મુદ્દાના સંદર્ભમાં પાઠ આયોજન નોંધ તૈયાર કરો.
   વિષયાભિમુખ, વિશિષ્ટ હેતુઓ, શિક્ષકની પ્રવૃત્તિ અને ચાકફલક નોંધ.

પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના આશરે 400 શબ્દોમાં જવાબ આપો. (છમાંથી ચાર) **(24)**

1. આદર્શ પ્રશ્નપત્રના લક્ષણો જણાવો.
2. નિદાનાત્મક કાર્યની સંકલ્પના અને તેના સોપાનો જણાવો.
3. તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત સમજાવો.
4. પાઠ્યક્રમની સંકલ્પના અને પાઠ્યક્રમ રચનાના સિદ્ધાંતો જણાવો.
5. સંસ્કૃત ભાષાના છ સામાન્ય હેતુઓ જણાવી તે દરેકના બે-બે વિશિષ્ટ હેતુઓ લખો.
6. ગુજરાતી વ્યાકરણ પર સંસ્કૃત ભાષાનો વિશેષ પ્રભાવ છે. ચર્ચો.

પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દસમાંથી આઠ) **(16)**

1. સંસ્કૃત શિક્ષકની ચાર વિદ્યાકીય સજ્જતાઓ જણાવો.
2. સંસ્કૃત ખંડમાં સમાવિષ્ટ કરી શકાય તેવી સામગ્રીના ઉદાહરણ આપો.
3. સંસ્કૃત અને ગણિત વચ્ચેનો અનુબંધ ટૂંકમાં જણાવો.
4. વ્યાકરણ શિક્ષણ માટેના બે અભિગમોનો ટૂંકમાં પરિચય આપો.

5. એકમ આયોજનના સોપનોના નામ લખો.
6. પ્રાચીન સમયના સંસ્કૃત શિક્ષણના ચાર હેતુઓ લખો.
7. અભ્યાસક્રમની સંકલ્પના જણાવો.
8. સંસ્કૃત ભાષાનું રાષ્ટ્રીય મહત્વ દર્શાવતા ચાર મુદ્દાઓ લખો.
9. સંસ્કૃત ભાષાના ચાર પ્રસિદ્ધ નાટકોના નામ લખો.
10. સંસ્કૃત ભાષાની વ્યવહારમાં ઉપયોગી ચાર સૂક્તિઓ લખો.

પ્રશ્ન-4 નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. **(12)**

1. ઈ.સ. 1956માં રચાયેલા સંસ્કૃત પંચના અધ્યક્ષ કોણ હતા ?
2. સંસ્કૃતના કોઇપણ બે વ્યાકરણગ્રંથના નામ આપો.
3. માનવજીવન સાથે સંકળાયેલા સંસ્કારો કેટલા છે ?
4. પ્રત્યક્ષ પદ્ધતિના ઉપયોગ સમયે વર્ગવ્યવહારમાં તમે કઈ ભાષાનો વિનિયોગ કરશો ?
5. ભાંડારકર પદ્ધતિના પુરસ્કર્તા કોણ છે ?
6. હેતુઓનું વર્ગીકરણ કયા શિક્ષણશાસ્ત્રીએ કર્યું છે ?
7. ગદ્યશિક્ષણ માટેની બે પદ્ધતિઓના નામ જણાવો.
8. વાર્ષિક આયોજન એટલે શું ?
9. કંઠસ્થીકરણની વ્યાખ્યા આપો.
10. કોઇપણ બે શ્રાવ્ય સાધનોના નામ આપો.
11. ત્રિપરિમાણદર્શક કોઠાના ત્રણ પરિમાણો જણાવો.
12. પ્રાથમિક શાળામાં સેટેલાઈટના માધ્યમથી શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કોના દ્વારા થાય છે ?

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર – 2017

| | | | |
|---|---|---|---|
| **અભ્યાસક્રમ** | **: બેચલર ઓફ એજ્યુકેશન** | **નોંધણી નંબર :____________** | |
| **પાઠ્યક્રમ** | **: ES-361** | | |
| **વિષય** | **: શૈક્ષણિક પ્રૌદ્યોગિકી** | | |
| **તારીખ** | **: 03/01/2018** | | |
| **સમય** | **: 11.00 to 02.00** | | **કુલ ગુણ : 100** |

---

પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના આશરે ૪00 શબ્દોમાં જવાબ આપો. (છ માંથી ચાર) **(48)**

1. શૈક્ષણિક ટૅકનોલૉજીના વિકાસ અને વિસ્તરણના આવિર્ભાવ પામતા પ્રવાહોનો ખ્યાલ આપી વિસ્તારથી સમજાવો.
2. ભારતમાં ખુલ્લી શાળાના આવશ્યક્તાનો ખ્યાલ આપી ખુલ્લા શાળાતંત્રની લાક્ષણિકતા સવિસ્તાર ચર્ચો.
3. શૈક્ષણિક ટેકનોલોજીના ઉદ્દભવનો ખ્યાલ આપી ઉદ્દભવના તબકકા વિસ્તારથી સમજાવો.
4. અધ્યયન અનુભવોની રચનાના સિદ્ધાંતોનો ખ્યાલ આપી વિસ્તૃત ચર્ચા કરો.
5. કેળવણી વિષયક દ્રશ્ય કાર્યક્રમોની શક્તિઓ અને નબળાઈઓ બતાવી વિસ્તૃત ચર્ચા કરો.
6. માધ્યમોની પસંદગીને અસર કરતાં પરિબળો જણાવી વિસ્તારથી સમજાવો.

પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના આશરે 400 શબ્દોમાં જવાબ આપો. (છ માંથી ચાર) **(24)**

1. સહભાગી અભિગમની ચાવીરૂપ લાક્ષણિકતાઓ ચર્ચો.
2. શિક્ષણને સહાયક બનતાં સાધનોની આવશ્યકતા સમજાવો.
3. શ્રાવ્ય માધ્યમોનો ખ્યાલ આપી ચર્ચા કરો.
4. કમ્પ્યૂટર આધારિત અધ્યયનની રીતો ચર્ચો.
5. અધ્યયન પ્રક્રિયાના મહત્વના તબકકાઓની ચર્ચા કરો.
6. આનુભવિક અધ્યયનનું સ્વરૂપ સ્પષ્ટ કરો.

પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દસ માંથી આઠ) **(16)**

1. શિક્ષણમાં ટેકનોલોજીનાં બે ઉદાહરણો આપો.
2. LRC નું ગુજરાતી પૂરું નામ જણાવો.
3. ખુલ્લી શાળા શિક્ષણના મુખ્ય માર્ગ તરીકે કઈ સામગ્રીનો ઉપયોગ કરે છે.?
4. ઈ-મેઈલનું પૂરું નામ જણાવો.
5. પ્રતિમાનોના મુખ્ય બે ઉપયોગ જણાવો.
6. કેળવણીમાં કમ્પ્યૂટરના ઉપયોગ તરફના મુખ્ય અભિગમો કયા છે?
7. યંત્રેતર સામગ્રી એટલે શું ?
8. શૈક્ષણિક પ્રૌદ્યોગિકીના વ્યવસ્થાપનના મુખ્ય કાર્ય જણાવો.

9. મૂળભૂત અધ્યયન કૌશલ્યો કયા કયા છે.?
10. શૈક્ષણિક પર્યાવરણનાં મુખ્ય ઘટકો જણાવો.

પ્રશ્ન-4 નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. **(12)**

1. ભારતમાં શૈક્ષણિક ટેકનોલોજીના પ્રવાહોના મુખ્ય કેટલાં પરિણામો છે ?
2. શાળા કક્ષાએ કઈ સાલમાં પત્રાચાર શિક્ષણ દાખલ કરવામાં આવ્યું હતું ?
3. શ્રી અરવિંદોના દ્રષ્ટિકોણથી ચાલતી દિલ્હી સ્થિર મિરામ્બિકા શાળાનો પ્રારંભ કેટલાં બાળકોથી થયો હતો ?
4. સ્થાનિય ક્ષેત્ર નેટવર્કને કયા ટૂંકા નામે ઓળખવામાં આવે છે ?
5. ભારતમાં આકાશવાણી દ્વારા શાળા પ્રસારણનો શુભારંભ કઈ સાલમાં થયો હતો ?
6. કયા પ્રકારના અધ્યયનમાં વિષયવસ્તુને નાના નાના અંશો કે સોપાનોમાં રજૂ કરવામાં આવે છે ?
7. કમ્પ્યૂર આધારિત અધ્યયન કયા ટૂંકા નામે ઓળખાય છે ?
8. અસરકારક શ્રાવ્ય માધ્યમ કયું છે ?
9. શાળાશિક્ષણનું રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું શેની સમજુતી પર ભાર મૂકે છે ?
10. શૈક્ષણિક ટેલિવિઝન કયા ટૂંકા નામે ઓળખાય છે ?
11. વિદ્યાર્થીઓને સંકલ્પના, તેનાં લક્ષણો અને વિશેષતાઓ પ્રાપ્ત કરવામાં કયું પ્રતિમાન મદદ કરે છે ?
12. અનુભવોને પ્રત્યક્ષ, પરોક્ષ અને અમૂર્ત વિભાગમાં કોણે વર્ગીકૃત કર્યા છે ?

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

### સત્રાંત પરીક્ષા ડિસેમ્બર – 2017

| | | | |
|---|---|---|---|
| **અભ્યાસક્રમ** | **: બેચલર ઓફ એજ્યુકેશન** | **નોંધણી નંબર :** | ______ |
| **પાઠ્યક્રમ** | **: ES-362** | | |
| **વિષય** | **: શિક્ષણમાં કમ્પ્યુટર** | | |
| **તારીખ** | **: 03/01/2018** | | |
| **સમય** | **: 11.00 to 02.00** | **કુલ ગુણ : 100** | |

---

**પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના આશરે 800 શબ્દોમાં જવાબ આપો.(છ માંથી ચાર)** **(48)**

1. કમ્પ્યુટર આધારિત શિક્ષણનો ઈતિહાસ જણાવો.
2. વિસ્તૃત નોંધ લખો: બૌદ્ધિક અનુશિક્ષણ પ્રણાલી
3. કમ્પ્યુટર દ્વારા દસ્તાવેજની જાળવણી તથા પુસ્તકાલય પદ્ધતિ વિશે નોંધ લખો.
4. શૈક્ષણિક આયોજનના પ્રકાર અને પ્રક્રિયા વિસ્તૃત સમજાવો.
5. શૈક્ષણિક આયોજનમાં MISનો ફાળો જણાવો.
6. સોફ્ટવેર એટલે શું? તેના પ્રકારો જણાવી પ્રત્યેક વિશે જરૂરી નોંધ લખો.

**પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના આશરે 400 શબ્દોમાં જવાબ આપો. (છ માંથી ચાર)** **(24)**

1. પ્રશ્નબેંક એટલે શું? તેના ફાયદા, ગેરફાયદા અને આયોજન વિશે નોંધ લખો.
2. કમ્પ્યુટર કોન્ફરન્સ વિશે માહિતી આપો.
3. ટૂંકનોંધ લખો : શિક્ષણમાં કમ્પ્યુટરના પ્રવર્તમાન વિનિયોગ
4. કમ્પ્યુટર આધારિત સામાન્ય વહીવટ એટલે શું? એક ઉદાહરણ આપી સમજાવો.
5. "શિક્ષણમાં કમ્પ્યુટરનો ઘસારો શિક્ષકો, વાલી અને વિદ્યાર્થીઓની ભૂમિકા બદલવા સક્ષમ છે." વિધાન તમારા શબ્દોમાં ચર્ચો.
6. અભિક્રમિક અધ્યયન એટલે શું? તેના સિદ્ધાંતો અને પ્રકાર ટૂંકમાં વર્ણવો.

**પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દશ માંથી આઠ)** **(16)**

1. વિકલાંગ વિદ્યાર્થીને કમ્પ્યુટર કેવી રીતે ઉપયોગી થઈ શકે? ઉદાહરણ સાથે સમજાવો.
2. માહિતીની ચોરી એટલે શું? સમજાવો.
3. ઈ-કોર્મસ વિશે ઉદાહરણ સાથે ટૂંકી સમજૂતી આપો.
4. અન્વેષણાત્મક અધ્યયન એટલે શું?
5. પ્રવીણતા અધ્યનયન પ્રતિમાનના લક્ષણો ટૂંકમાં લખો.
6. વિગત પૃથક્કરણ એટલે શું? તેમાં કમ્પ્યુટર કેવી રીતે ઉપયોગી થઈ શકે?
7. WAN અને LAN એ શું છે?
8. કમ્પ્યુટર પ્રોગ્રામિંગની ઉચ્ચ કક્ષાની ભાષા સમજાવો.

9. આસુબેલ દ્વારા કયું પ્રતિમાન આપવામાં આવ્યું? તે પ્રતિમાનના સિદ્ધાંતો લખો.
10. વિદ્યાર્થીને માર્ગદર્શનમાં કમ્પ્યુટર કેવી રીતે ઉપયોગી છે? ઉદાહરણ આપો.

**પ્રશ્ન-4 નીચે આપેલ હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. (12)**

1. પૂર્ણ નામ આપો : CMI, CBI, CAI, CAL
2. તંત્ર દસ્તાવેજ એટલે શું?
3. Online દસ્તાવેજમાં સ્ક્રીનમાં કેટલી લાઈનો અને દરેક લાઈનમાં વધુમાં વધુ અક્ષરો સમાવી શકાય?
4. રેખિક અભિક્રમના પ્રણેતા જણાવો.
5. કોઈપણ એપ્લીકેશન સોફ્ટવેરના ચાર નામ આપો.
6. કમ્પ્યુટરની 'સી' ભાષાના પ્રણેતા જણાવો.
7. E-Mailનો ઉપયોગ શો છે?
8. માઉસના કાર્યો જણાવો.
9. મુકત અધ્યયન પ્રણાલીમાં ઉપયોગને કેટલી પ્રણાલીમાં વિભાજીત કરી શકાય? કયાં કયાં?
10. ડી બગીંગ (Debugging) એટલે શું?
11. BIT કોનું ટૂંકાક્ષરી નામ છે? તેમાં કઈ કઈ સંખ્યાંનો સમાવેશ થાય છે?
12. કસોટી (વિગતો) કલમના પ્રકારો કેટલાં છે? કયાં કયાં?

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર – 2017

| | | | |
|---|---|---|---|
| **અભ્યાસક્રમ** | **: બેચલર ઓફ એજ્યુકેશન** | **નોંધણી નંબર :** | ____________ |
| **પાઠ્યક્રમ** | **: ES-363** | | |
| **વિષય** | **: માર્ગદર્શન અને સલાહ** | | |
| **તારીખ** | **: 03/01/2018** | | |
| **સમય** | **: 11.00 to 02.00** | **કુલ ગુણ : 100** | |

પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના આશરે 800 શબ્દોમાં જવાબ આપો. (છ માંથી ચાર) **(48)**

1. વ્યાવસાયિક માહિતીના પ્રસારણના સાધનો (માધ્યમો)ના નામ જણાવી તેની પદ્ધતિ અને પ્રવૃત્તિ વિશે ચર્ચા કરો.
2. વિકલાંગના પ્રકારો જણાવી દરેક વિશે ચર્ચા કરો.
3. ગિઝબર્ગના સિદ્ધાંતની વિગતે સમજ આપો.
4. મહિલાઓની કાર્ય હિસ્સેદારી અસર કરતાં પરિબળોની નોંધ વિગતે જણાવો.
5. કારકિર્દી વિકાસમાં શિક્ષક અને માતા-પિતાની ભૂમિકાનું મહત્વ સમજાવો.
6. સલાહના મુખ્ય અભિગમો જણાવી. તેની વિગતે સમજ આપો.

પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના આશરે 400 શબ્દમાં ઉત્તર આપો. (છ માંથી ચાર) **(24)**

1. જ્હોન અને લુમર અનુસાર મૂલ્યાંકનના પ્રકારો જણાવો.
2. વર્તન સમસ્યાના સુધારા માટે તમે લીધેલ પાંચ ઉકેલો જણાવો.
3. સામાન્ય વ્યક્તિઓનો વિકલાંગ વ્યક્તિઓ પ્રત્યેનો વ્યવહાર કેવા પ્રકારનો હોય છે? તમારા અનુભવોનું વર્ણન કરો.
4. Bucher અને Miller Form ના જીવન તબક્કાઓ જણાવો.
5. ક્રમ માપદંડની મર્યાદાઓ જણાવો.
6. મુલાકાતના ફાયદા જણાવો.

પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દશ માંથી આઠ) **(16)**

1. વિકલાંગોના શિક્ષણ માટે 1992ની કાર્યયોજના મુજબ કેટલી જોગવાઈઓ હતી.?
2. વર્તમાન સમસ્યાઓના પ્રકારો જણાવો.
3. વર્તન સુધારાની પ્રયુક્તિઓના નામ જણાવો.
4. Bacher(1933) પાંચ જીવન તબક્કાઓના નામ આપો.
5. વ્યાવસાયિક અનુકૂલનનો અર્થ સમજાવી. વ્યાવસાયિક અનુકૂલન ઉદાહરણસહિત સમજાવો.
6. પ્રસંગનોંધનું સંપાદન એટલે શું ? તેના કોના વર્તન અંગેની ટીપ્પણી અને તારણોની નોંધ છે.
7. અભિયોગ્યતા કસોટીઓના પ્રકારોના નામ આપો.
8. માર્ગદર્શનના સિદ્ધાંતો જણાવો.

9. સલાહ અને આદેશ વચ્ચે તફાવતના બે મુદ્દાઓ જણાવો.

10. જૂથ સલાહના લાભ જણાવો.

પ્રશ્ન-4 નીચે આપેલ હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. **(12)**

1. સલાહનો અર્થ સમજાવો.
2. સલાહની પ્રક્રિયાના તબક્કાઓ જણાવો.
3. સલાહની સરળતા માટે જરૂરી ત્રણ કૌશલ્યોના નામ જણાવો.
4. મૂલ્યાંકનની પદ્ધતિઓના નામ જણાવો.
5. રાષ્ટ્રીય ધંધાઓનું વર્ગીકરણ કઈ સંસ્થા અનુસાર કરવામાં આવે છે ?
6. (NCO) કોડ નંબર અનુસાર કઈ બાબતોની જાણકારી મેળવી શકાય છે ?
7. કાર્યની વ્યાખ્યા સ્પષ્ટ કરો.
8. કારકિર્દી તરાહના પ્રકારોના નામ જણાવો.
9. મહિલાઓની કારકિર્દીની સમસ્યાઓ જણાવો.
10. વિકલાંગતાના પ્રકારો કેટલાં છે.? નામ જણાવો.
11. પ્રત્યાયનની સમસ્યા કેવા બાળકોને વધારે પડે છે ?
12. IEDE સંસ્થા કેવાં બાળકો માટે કામ કરે છે.?

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર – 2017

**અભ્યાસક્રમ** : **બેચલર ઓફ એજ્યુકેશન** **નોંધણી નંબર :**____________

**પાઠ્યક્રમ** : **ES-364**

**વિષય** : **દૂરવર્તી શિક્ષણ**

**તારીખ** : **03/01/2018**

**સમય** : **11.00 to 02.00** **કુલ ગુણ : 100**

---

પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના આશરે 800 શબ્દોમાં જવાબ આપો. (છ માંથી ચાર) **(48)**

1. કોઈપણ બે લેખકના મતે દૂરવર્તી શિક્ષણની વ્યાખ્યા આપી આજીવન શિક્ષણના લક્ષણો, કાર્યક્ષેત્ર તથા અમલીકરણ માટે ફલિતાર્થો સમજાવો.
2. દૂરવર્તી શિક્ષણમાં માધ્યમોના પ્રકાર સમજાવી તેમના વિવિધ માધ્યમોના ગુણ દોષ વિશે સમજૂતી આપો.
3. સ્વ-અધ્યયન સામગ્રી નિરૂપણની પ્રક્રિયા સમજાવી. સ્વ-અધ્યયન સામગ્રીના એકમનું નિર્માણ તમે કેવી રીતે કરશો તે સમજાવો.
4. પ્રૌઢ દૂરવર્તી અધ્યેતાના લક્ષણો સમજાવી. દૂરવર્તી અધ્યેતાઓની સમસ્યાઓ વિશે સમજૂતી આપો.
5. કાર્યક્રમના મૂલ્યાંકન પ્રક્રિયા મુજબ મૂલ્યાંકનના સાધનો સમજાવી. યોજનાબદ્ધ માહિતી એકત્રિકરણ વિશે ટૂંકમાં સમજુતી આપો.
6. દૂરવર્તી શિક્ષણ પ્રણાલીના વ્યવસ્થાપન મુજબ સંસ્થાકીય માળખું અને વ્યવસ્થાપન ઉપર વિસ્તૃતમાં સમજુતી આપો.

પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના આશરે 400 શબ્દોમાં જવાબ આપો. (છ માંથી ચાર) **(24)**

1. દૂરવર્તી શિક્ષણની વિશિષ્ટ લાક્ષણિકતાઓ સમજાવો.
2. સ્વ- અધ્યયનને અસર કરતા પરિબળો સમજાવો.
3. સતત ચકાસણીનો અર્થ સમજાવી તેના લાભ અને ગેરલાભ જણાવો.
4. સ્વાધ્યાયો દ્વારા અધ્યાપન-અધ્યયન મુજબ સ્વાધ્યાયનાં કાર્યો સમજાવો.
5. દૂરવર્તી શિક્ષણ પ્રણાલી મુજબ વિદ્યાર્થી સહાયક સેવાઓ સમજાવો.
6. શિક્ષણનું અર્થશાસ્ત્રનો અર્થ સમજાવી ? શિક્ષણ અને માનવ મૂડીના ઘડતર વિશે નોંધ લખો.

પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દશ માંથી આઠ) **(16)**

1. શૈક્ષણિક સલાહકારના મુખ્ય કાર્યો જણાવો.
2. ગુણાંકન પ્રથાના બે ગેરલાભ જણાવો.

3. દૂરવર્તી અધ્યેયતાના કોઈપણ બે લક્ષણો જણાવો.
4. વાચનની SQ3R તકનિક જણાવો.
5. અવૈધિક શિક્ષણનો અર્થ સમજાવો.
6. દૂરવર્તી શિક્ષણ વ્યવસ્થા સંગઠનના બે ઉદ્દેશો જણાવો.
7. દૂરવર્તી શિક્ષણમાં સ્વ-અધ્યયન માટે જરૂરી કૌશલ્ય જણાવો.
8. સલાહ બેઠક ચલાવતી વખતે સલાહકારે કરવાની પ્રવૃત્તિ જણાવો.
9. દૂરવર્તી શિક્ષકોનો અર્થ સમજાવો.
10. અભ્યાસકેન્દ્રના સંયોજકોના ગૌણ કક્ષાનાં કાર્યો જણાવો.

પ્રશ્ન-4 નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. **(12)**

1. દૂરવર્તી શિક્ષણની સૌ પ્રથમ શરૂઆત કયાં થઈ છે ?
2. ભારતમાં દૂરવર્તી શિક્ષણની શરૂઆત કયા નામે થઈ છે ?
3. દૂરવર્તી શિક્ષણમાં શ્રાવ્ય સાધનો જણાવો.
4. એકમાર્ગી માધ્યમો જણાવો.
5. દૂરવર્તી શિક્ષક પ્રશિક્ષકની મુખ્ય લાક્ષણિકતા કઈ છે ?
6. સ્વ-અધ્યયન માટે આવશ્યક કૌશલ્ય જણાવો.
7. સ્વાધ્યાયના પ્રકારો જણાવો.
8. MIS નું પૂર્ણ નામ આપો.
9. દૂરવર્તી શિક્ષણમાં ખર્ચની ગણતરીનું સૂત્ર આપો.
10. દૂરવર્તી શિક્ષણ આપતી સંસ્થા દ્વારા વપરાતી છેલ્લામાં છેલ્લી અધ્યયન પદ્ધતિ કઈ છે ?
11. ઓવરહેડ પ્રોજેક્ટના બે ગેરલાભ જણાવો.
12. શિક્ષણમાં કમ્પ્યૂટરના બે ઉપયોગ જણાવો.